| | |
|---|---|
| દાખલ થયા તા . | ૨/૦૬/૨૦૨૨ |
| રજુ કર્યા તા. | ૨/૦૬/૨૦૨૨ |
| ફૈંસલ કર્યા તા. | ૨૬/૦૬/૨૦૨૨ |
| સમય મર્યાદા | વર્ષ– માસ– દિવસ– |

**મે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે ,કોર્ટ નં. ૦૧, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં. :– ૬૦૫૩૧/૨૦૨૨**

ફરીયાદી :– સરકાર

વિરુધ્ધ.

આરોપી :– પ્રમોદ કલ્લીસિંગ ચૌહાણ ઉ.વ.૧૮
રહે.ઘર નં.૧૮,શ્રી રામ પાર્ક વિરાટનગર, ઈસનપુર,
અમદાવાદ

**ગુન્હો:–ઈ.પી.કો કલમ– ૨૮૩ મુજબ.**

**ફરીયાદી તરફે : વિ. વ.શ્રી એમ.એમ. મેકવાન**

**આરોપી તરફે : વિ. વ. –––––**

**જજમેન્ટ**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા:૦૮/૦૬/૨૦૨૨ ના કલાક: ૧૮.૧૫ વાગે ઈસનપુર ગોવિંદવાડી ચાર રસ્તા પોપાઝ હોટલ આગળ જાહેર રોડ પર પોતાની શાકભાજીની લારી આવતા જતાં રાહદારીને તેમજ ટ્રાફીકને અડચણ થાય તે રીતે ઉભી રાખી વેપાર ધંધો કરતા મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ તે અંગે ફરીયાદીએ ફરીયાદ ઈસનપુર પો.સ્ટે. ગુ. રજી.નં.૧૧૧૯૧૦૨૨૨૨૦૫૯૨/૨૦૨૨ નો ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબનો ગુનો કરેલ જે અંગે તપાસના અંતે ત.ક.અધિ.શ્રીએ ક્રિ. પો.કોડની કલમ–૧૭૩(૨)તળે ચાર્જ શીટ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતાં પેટી ઓફેન્સ હોઈ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતાં અગાઉ આરોપીનાએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીના ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઈ સમજાવવા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઈ કારણ નથી. આથી આરોપીને હવે ઈ.પી.કો. કલમ–૨૮૩ તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.આરોપીનો પ્રથમ ગુનો હોઈ કાયદાનુસાર મહત્મ સજા ન કરતાં હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. આથી, વિશેષ ચર્ચા ન કરતાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

(૧) આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવીને રૂા.૧૦૦/–નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરેતો દિન–૧૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૬–૦૬–૨૦૨૨ના રોજ સ્પેશીલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

.

**Date.26/06/2022**
**Place:SPECIAL SITTING AHMEDABAD**

**(MR.SANJAY BABULAL SHAH)**
**GJ-00755**
**ADDI.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEDABAD**